**ફોર્મ–એ**

**GJAR070021182025**

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૧૬/૦૯/૨૦૨૫ | | |
| રજીસ્ટરે લીધા તારીખ | ૧૬/૦૯/૨૦૨૫ | | |
| ફેંસલ તારીખ | ૧૯/૦૮/૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૧૧ | ૦૩ |

## બાયડના મહે. એડીશનલ ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, તા.બાયડ, જી.અરવલ્લી.

**કેસ નં.૧૬૩૧/૨૦૨૫**
**આંકઃ– ૧૪**

**(F.I.R. ની વિગત/ગુનો અને પોલીસ સ્ટેશન)**
**બાયડ પોલીસ સ્ટેશન ગુ.ર. નં.૧૧૧૮૮૦૦૨૨૫૦૩૪૯/૨૦૨૫.**
**ગુનોઃ– પ્રોહીબીશન એક્ટની કલમ–૬૫(એ)(ઇ) મુજબ**
**પોલીસ સ્ટેશનઃ– બાયડ પોલીસ સ્ટેશન , તા.બાયડ, જી.અરવલ્લી**

| | |
|---|---|
| ફરીયાદી | શ્રી સરકાર (શ્રી અ.હે.કો.અજયકુમાર વિનુભાઇ બ.નં–૬૫૬) |
| વિ.મ.સ.વ. મારફતે | વિદ્વાન એ.પી.પી.શ્રી વી.બી.પ્રજાપતિ. |
| આરોપી | રાકેશભાઇ અરજણભાઇ પગી<br>રહે.દહેગામડા, તા.બાયડ, જી.અરવલ્લી |
| આરોપી તર્ફે | વિ.વકીલ શ્રી આર.આર.સોનેરી |

**ફોર્મ–બી**

| | |
|---|---|
| ગુનો બન્યાની તારીખ | ૧૭/૦૫/૨૦૨૫ |
| ફરીયાદની તારીખ | ૧૭/૦૫/૨૦૨૫ |
| ચાર્જશીટની તારીખ | ૧૬/૦૯/૨૦૨૫ |
| તહોમત ફરમાવ્યાની તારીખ | ૦૪/૧૧/૨૦૨૫ |
| પુરાવો શરૂ કર્યાની કર્યાની તારીખ | ૦૩/૦૨/૨૦૨૬ |
| ચુકાદો સંરક્ષિત રાખ્યાની તારીખ | **૧૬/૦૭/૨૦૨૬** |
| ચુકાદાની તારીખ | **૧૯/૦૮/૨૦૨૬** |
| સજાના હુકમની તારીખ | – |

**આરોપીઓની વિગતઃ–**

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો તેની તારીખ | કયા ગુનાનો આક્ષેપ છે? | નિર્દોષ છોડવામાં આવ્યો કે કસુરવાર | શું સજા કરી | **CRPC** ની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કેદી તરીકે રહેલા છે |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | રાકેશભાઇ અરજણભાઇ પગી | ૧૭/૦૫/૨૦૨૫ | ૧૭/૦૫/૨૦૨૫ | **પ્રોહીબીશન એક્ટની કલમ–૬૫(એ)(ઇ)** | – | – | – |

**ફોર્મ–સી**

**ફરીયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લિસ્ટઃ**

| **અનુ. નં.** | **આંક** | **નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|---|
| ૧. | ૧૦ | અજયકુમાર વિનુભાઇ બ.નં–૬૫૬ની સોગંદ પરની જુબાની. | ફરીયાદી પોલીસ સાહેદ |
| ૨. | ૦૬ | દિનેશભાઇ જયંતિભાઇ ખાંટની સોગંદ પરની જુબાની. | પંચસાહેદ |
| ૩. | ૦૮ | સતિષકુમાર કાંતિભાઇ પગીની સોગંદ પરની જુબાની. | પંચસાહેદ |
| ૪ | ૧૨ | કનુભાઇ ગલસિંહ બ.નં–૩૫૫ની સોગંદ પરની જુબાની. | સાહેદ |

**ફરીયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના આંકે પડેલ દસ્તાવેજોઃ**

| **અનુ. નં.** | **આંક** | **વર્ણન** |
|---|---|---|
| ૧. | ૧૧ | અસલ ફરીયાદ |
| ૨. | ૦૭ | પંચનામું |
| ૩. | ૧૩ | રવાનગી પત્રક |

**J U D G E M E N T**

**(૧)** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપીએ તા.૧૭/૦૫/૨૦૨૫ ના કલાક ૦૮/૫૦ વાગે દહેગામડા ગામે પોતાના ભોગવટા કબ્જાના ઘરની પાછળ આવેલ છાપરામાં ભારતીય બનાવટની અલગ અલગ બ્રાંડની બોટલ/ટીન નંગ–૨૦૪ ની કુલ કિંમત રૂા.૪૩,૬૨૫/– નો પ્રોહી મુદ્દામાલ વેચાણ અર્થે રાખી ગેરકાયદેસર રીતે પ્રોહી રેડ દરમ્યાના હાજર મળી આવી, આરોપીએ પ્રોહીબીશન એક્ટની કલમ–

૬૫(એ)(ઈ) મુજબનો ગુનો કરેલ અને તપાસના અંતે ત.ક.અમલદારે હાલનું ચાર્જશીટ કરેલુ.

(૨) આ કામે આરોપીઓ વિરૂધ્ધ ગુન્હો નોંધાતા તપાસ કરનાર અમલદારે ગુન્હાની તપાસ હાથ ધરેલી અને આરોપીઓ વિરૂધ્ધ ગુન્હો બનતો હોય ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ હતું.

(૩) આ કામે તપાસ કરનાર અમલદારે અદાલતમાં ચાર્જશીટ રજુ કરતાં, આરોપી સામેના આક્ષેપીત ગુન્હાનું કોગ્નીઝન્સ લઈ સમન્સ કાઢવામાં આવતા આરોપી તેઓના વકીલ શ્રી મારફતે નામ. કોર્ટમાં હાજર થતાં, તેઓને પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે આપવામાં આવેલ હતી. ત્યારબાદ આંક–૦૪ થી તહોમતનામું ફરમાવી, તહોમતનામાની હકીકતો તેઓને વાંચી સંભળાવી આરોપીની આંક–૦૫ થી પ્લી નોંધતાં, તેઓની સામેનો આક્ષેપીત ગુન્હાનો ઈન્કાર કરેલ હતો, જેથી આરોપી સામે ઈન્સાફી કાર્યવાહી આરોપીની હાજરીમાં ખુલ્લી અદાલતમાં આગળ ચલાવવામાં આવેલ છે.

(૪) ફરિયાદપક્ષ તર્ફે વિ.એ.પી.પી.શ્રી નાઓ તર્ફે મૌખિક રજુઆત મુજબ વધુ કોઈ પુરાવો રજુ કરવા માંગતા ના હોય ફરીયાદપક્ષના પુરાવાનો હક્ક બંધ કરેલ છે. તેમજ ફરીયાદપક્ષનો પુરાવો ધ્યાને લેતાં, ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવુ જરૂરી જણાતા તેઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જે નિવેદનમાં આરોપીએ તમામ હકીકતોનો ઈન્કાર કરી વિશેષમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે તેમની ઉપર ખોટો કેસ કરેલ છે.

**દલીલોઃ–**

(૫) ફરીયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રીની દલીલોને ધ્યાને લીધી તેમજ આરોપીપક્ષ તર્ફે વિ.વકીલ શ્રી **આર.આર.સોનેરી** નાઓની રજુઆત સાંભળી.

(૬) ઉપરોકત હકીકતે તથા પડેલ પુરાવા ધ્યાને લેતાં, આ કેસના નિર્ણય સારૂ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થીત થાય છે.

| **ક્રમ** | **મુદ્દાઓ** | **નિર્ણય** |
|---|---|---|
| ૧. | શું ફરીયાદપક્ષ પુરવાર કરે છે કે, આરોપીએ તા.૧૭/૦૫/૨૦૨૫ ના કલાક ૦૮/૫૦ વાગે દહેગામડા ગામે પોતાના ભોગવટા કબ્જાના ઘરની પાછળ આવેલ | નકારમાં |

| | | |
|---|---|---|
| | છાપરામાં ભારતીય બનાવટની અલગ અલગ બ્રાંડની બોટલ/ટીન નંગ–૨૦૪ ની કુલ કિંમત રૂા.૪૩,૬૨૫/– નો પ્રોહી મુદ્દામાલ વેચાણ અર્થે રાખી ગેરકાયદેસર રીતે પ્રોહી રેડ દરમ્યાના હાજર મળી આવી, આરોપીએ પ્રોહીબીશન એક્ટની કલમ–૬૫(એ)(ઇ) મુજબનો ગુનો કરેલ છે ? | |
| ૨. | શું હુકમ ? | આખરી હુકમ મુજબ |

(૭) ઉપરોકત નિર્ણયો માટેના મારા કારણો નીચે મુજબ છે.

**// કારણો //**

**મુદ્દા નં.૧ –**

(૮) ઉપરોકત તપાસેલ પંચસાહેદ પોતાની જુબાનીમાં, પંચનામાની વિગતે આરોપીનાં કબજામાંથી પ્રોહી મુદામાલ પકડાઈ ગયેલ હોવા સબબનાં પંચનામાની હકીકતને સમર્થન આપતા નથી. અલબત સદર પંચ પોતાની જબાની માં જણાવે છે કે તેઓએ પોલીસ ના કહેવાથી લખેલ કાગળ માં સહી કરેલી, પંચનામ કઈ બાબત નું હતું તેની તેઓને ખબર નથી કે તેઓ પંચનામા વિશે કંઈ જાણતા નથી. વિ.એ.પી.પી.શ્રી દ્વારા પંચ સાહેદ ને ફરી ગયેલ જાહેર કર્યા બાદ પણ તેઓ પંચનામા ની હકીકતો ને સમર્થન કરતા નથી. આમ, તપાસવામાં આવેલ સ્વતંત્ર પંચ સાહેદની જુબાનીથી ફરીયાદપક્ષ, આરોપીઓ સામેનું તહોમત પુરવાર કરી શકેલ નથી. તપાસેલ પોલીસ સાહેદ જુબાની દ્વારા ફરીયાદીની હકીકતને સમર્થન કરે તે સ્વાભાવિક છે. પરંતુ આ કામે ફરીયાદપક્ષ તરફથી અન્ય કોઈ પુરાવો રજુ થયેલો નથી. ત્યારે સ્ટેટ ઓફ ગુજરાત વિ.સુરેશભાઈ એસ. પટેલનો ચુકાદો કે જે (૨૦૧૧) ૨૬ જી.એચ.જે.(૧) માં નામ.ગુજરાત હાઇકોર્ટનાં પ્રસ્થાપિત સિધ્ધાંતને ધ્યાને લેતાં, જયારે પંચ સાહેદને ફરીયાદપક્ષનાં કેસને સમર્થન કરતાં ન હોય ત્યારે, પોલીસ સાહેદ તથા ત.ક.અધિ. નાં પુરાવા ઉપર માત્ર આધાર રાખવો એ સલામતીભર્યુ ગણાય નહીં. આ ઉપરાંત આ કામે પંચ ની જુબાની ધ્યાને લેતાં તેઓએ આવી કોઈ પ્રોહીબીશન અંગેની કાર્યવાહીમાં ભાગ લીધેલ હોય કે આવા કોઈ આરોપીની પોતાની હાજરીમાં પ્રોહીબીશનનો મુદામાલ કબજે કરેલ હોય કે આરોપીની અટક કરેલ હોવાનું જણાવેલ નથી. આરોપી સામે પ્રોહિબીશન એકટ અન્વયેનો ગુનો નોંધાયેલ છે. આ પ્રકારનાં કેસોમાં પંચ વિટનેરા રૂલ્સની જોગવાઇઓ લાગુ પડે છે. જે મુજબ સદગૃહસ્થ હોવો જોઇએ તથા પંચ રજીસ્ટર મેઇન્ટેઇન થયેલ હોવું જોઇએ. આ કામે તપાસેલ પંચસાહેદે જુબાનીથી ફરીયાદ પક્ષનાં કેસને સમર્થન કરેલ નથી.

(૯) વધુમાં આ કામે જયારે ફરીયાદપક્ષ ગુનાવાળી જગ્યાનું પંચનામુ પુરવાર કરી શકેલ નથી. આ સંજોગોમાં આક્ષેપીત કબજે કરેલ પ્રવાહી દારૂ છે કે કેમ? તે આવા પુરાવા વગર નક્કી કરી શકાય નહી. જેથી ફરીયાદમાં જણાવેલ પ્રવાહી મુદામાલ દેશી દારુ છે કે કેમ? તેમજ આ ફરીયાદ વખતે ખરેખર આવી કોઈ પ્રક્રિયા થયેલ છે કે કેમ? તે અંગે શંકા ઉપસ્થિત થતી હોય, તેમજ સદર ફરીયાદ વંચાણે લેતાં ફરીયાદી પંચ સાહેદની હાજરી દર્શાવે છે, જયારે પંચ સાહેદ પોતાની સહી સિવાયની હકીકતો સ્વીકારતા નહીં હોવાનું જણાય આવે છે. આ સંજોગોમાં ફરીયાદપક્ષ પોતાનો કેસ વ્યાજબી શંકારહિત પુરવાર કરી શકેલ નથી. જેથી **મુદ્દા નં.૧** નો નિર્ણય નકારમાં આપી **મુદ્દા નં.૨** અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: આખરી હુકમ ::–**

(૧) આ કામના આરોપીને બી.એન.એસ.એસ. કલમ– ૨૭૧(૧) મુજબ ગુજરાત નશાબંધી અધિનિયમ ૧૯૪૯ તથા ગુજરાત નશાબંધી (સુધારા) અધિનિયમ ૨૦૧૬ની કલમ :૬૫(એ)(ઇ) મુજબના ગુન્હાના આરોપમાંથી પુરાવાના અભાવે છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીએ બી.એન.એસ.એસ. કલમ– ૪૮૧ ની જોગવાઈઓ મુજબ અપીલ સમય સુધીના નવા જામીન તથા જાતમુચરકા રજુ કરવા.

(૩) આ કામે કબજે કરેલ મુદદામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ–૧૯ મી, માહે, ઓગષ્ટ સને–૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલત માં વાંચી સંભળાવી જાહેર કર્યો.

| | | |
|---|---|---|
| તારીખઃ– | ૧૯/૦૮/૨૦૨૬ | (વી.સી.મકવાણા)<br>એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,<br>બાયડ<br>કોડ નં.જી.જે.૦૦૯૯૭ |
| સ્થળઃ– બાયડ<br><br>s.a.vaghela<br>Gujarati Steno. | | |